**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧૦/૦૮/૨૦૧૬ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૫૬ લીટર દેશી દારૂ, ૨૪૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૩૨૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૧૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૪૬૦/૧૬**

**શહેરકોટડા** : યાસીનભાઇ કરીમભાઇ જોજવરવાલા (ઉ.વ.૫૧)(રહે.તાજપુર નવી મસ્જીદ, સ્લમ ક્વૉટર્સ, જમાલપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૮/૧૬ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે આરોપી (૧) રમેશ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) અને (૨) એક ૬૫ વર્ષની મહિલાએ ભેગામળી "જમીનમાંથી ચરૂમા સોનાની ટીકડીઓ નીકળેલ છે" તેમ કહી યાસીનભાઇને વિશ્વાસમાં લઇ, પીળી ધાતુની ખોટી ટીકડીઓ આપી તેના બદલમાં કુલ રૂપિયા ૩,૯૦,૦૦૦/- મેળવી લઇ, યાસીનભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિંહ વખતસિંહ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૬૧/૧૬**

**વેજલપુરઃ** દેવેન્દ્રભાઈ રણછોડભાઈ વૈષ્ણવ (રહે.વાસુકી સોસાયટી વાસણા બસ સ્ટેન્ડ સામે વાસણા) એ તા.૯/૮/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવેન્દ્રભાઈના ઘરમાં કામ કરતા મુળાભાઈ ઉર્ફે રવિ પન્નારામ મેઘવાર (રહે.ભીલોકાવાસ મુલીયા વાસ તાલુકો-જીલ્લો પાલી રાજસ્થાન)એ દેવેન્દ્રભાઈના ઘરમાંથી તા.૧/૫/૧૬ પહેલાના સમયે સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૦૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૬૨/૧૬**

**સેટેલાઇટ** : અભય શ્રીરામ ચૌધરી (રહે.નક્ષત્ર બંગ્લોઝ, ભુસરી કોલોની, પુના તા.જી.પુના મહારાષ્ટ્ર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૮/૧૬ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ, ફન રીપબ્લીક નજીક પોતાની કારનાં ડ્રાઇવરને એક અજાણ્યો પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષ આશરાનો) એ "તમારા પૈસા નીચે પડી ગયેલ છે" તેમ કહી અભય ચૌધરીના ગાડીના ડ્રાઇવરની નજર ચુકવી, ગાડી પડેલ લેપટોપ, મોબાઇલ અને ટેબલેટ મુકેલ બેગ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૪૬૩/૧૬**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ કિશોરકુમાર દેવજીભાઈ બાવા (ઉ.વ.૪૩)(રહે. ધનલક્ષ્મી સોસાયટી, વલોળનગર ચાર રસ્તા, રાણીપ) એ પોતાની માનશીક બીમારીથી કંટાળી જઇ તા.૦૯/૦૮/૧૬ બપોરના ૩/૦૮ વાગ્યા પહેલા કોઇપણ સમયે સરદારબ્રીજ તથા આંબેડકરબ્રીજના વોક-વે ના ભાગે, કબ્રસ્તાનની પાછળના ભાગે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી.** આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી **રામસીંગ નંદરીયાભાઈ** ચલાવે છે.

**ઓઢવ** : નીરાલીબહેન વા\ઓ રાકેશભાઇ પાસવાન (ઉ.વ.૩૨)(રહે.ભવાનીનગરનો ટેકરો, હમીરભાઇની ચાલી, ઓઢવ) તા.૮/૮/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણસર કેરોસીન છાંટી સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તા.૯/૮/૧૬ નાં કલાક ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)